# સે-૨૧ પોલીસે કલોલના બે વાહનચોરોને ઝડપી પાડયા

## એક એકટીવા અને ત્રણ બાઈક ચોરીના ભેદ ઉકેલાયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાની સે-૨૧ પોલીસે ચોરીના એકટીવા સાથે કલોલના બિલેશ્વરપુરા વિસ્તારના બે શખ્સોને ઝડપી પાડયા છે. બંને શખ્સોની પુછપરછ કરતા મહેસાણા જિલ્લામાંથી બે બાઈક અને એક એકટીવા ઉપરાંત કલોલનું એક બાઈક ચોરી કર્યું હોવાનું ખુલ્યું છે. સે-૨૧ પોલીસે બંનેની ધરપકડ કરી લઈને ઊંડી પુછપરછ શરુ કરી છે.

સે-૨૧ પોલીસ મથકના પીએસઆઈ વી.એચ. સોલંકી તથા તેમની ટીમે કલોલના બિલેશ્વરપુરા વિસ્તારમાં રહેતા મુકેશ અમરત રાવળ અને રાકેશ બાબુ પટેલ બંને શખ્સોને ચોરીના એકટીવા સાથે પકડી પાડયા હતા. પુછપરછ કરતાં આ એકટીવા તેમણે ૧૫ દિવસ પહેલા મહેસાણા જિલ્લામાંથી ચોરી કર્યું હતું. પોલીસે બંને શખ્સોની સઘન પુછપરછ કરતાં અન્ય ત્રણ વાહન ચોરીના ગુનાઓ ડિટેકટ થવા પામ્યા છે. બે બાઈકો મહેસાણા જિલ્લામાંથી અને એક કલોલમાંથી પણ ચોર્યું હોવાની કબુલાત બંને વાહનચોરોએ કરી છે. સે-૨૧પોલીસે બંનેની ધરપકડ કરી લઈને ઊંડાણપૂર્વક પુછતાછ શરુ કરી છે.



**ભૂતાનમાં ગૂંજતુ કર્યું નગરનું નામ** - તાજેતરમાં ભૂતાન ખાતે ફસ્ટ રૂરલ સાઉથ એસોસિએશન ચેમ્પિયન-૨૦૧૪ યોજવામાં આવી હતી. સ્પર્ધામાં શ્રી જે.એમ. ચૌધરી પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં રિન્કલ ચૌધરીએ બીજો અને ધારા ચૌધરીએ ત્રીજો નંબર મેળવી ભૂતાનમાં નગરની શાન વધારી છે. વિદ્યાર્થીનિઓને શાળાની શાન વધારવા બદલ કોચ કિલ્લોલબેન, વ્યાયામ શિક્ષક અંજનાબેન ચૌધરી, ભાવનાબેન ચૌધરી અને આચાર્યા મિનાબેન ચૌધરીએ અભિનંદન વર્ષા વરસાવી છે.

# સે. ૨ માં રહેતા ૨૧ વર્ષિય યુવાનનો પંખે ચાદર બાંધીને ગળે ફાંસો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ ખાતે રહેતા અને બાપુ એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતા ૨૧ વર્ષીય યુવાને ગઈ સમી સાંજે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર પંખે ચાદર બાંધીને ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. માતા-પિતા બન્ને સરકારી નોકરી કરે છે. ગઈ સાંજે ઓફીસથી ઘરે પહોંચ્યા ત્યારે દિકરો પંખે લટકેલી હાલતમાં જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. આપઘાત કરવા પાછળનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી જો કે છેલ્લાબે મહિનાથી યુવાન સુનમુન રહેતો હોવાનું જાણવા મળ્યું છે.

શહેરના સેક્ટર-૨-એ પ્લોટ નં. ૪૨/૧ ખાતે રહેતો ૨૧ વર્ષીય યુવાન હરીકેત કંદર્પભાઈ પાઠક બાપુ એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતો હતો. તેના માતા-પિતા સરકારી નોકરી કરે છે. બન્ને ગઈકાલે સાંજે ઓફીસથી ઘરે પરત આવ્યા ત્યારે દિકરો પંખે લટકેલી હાલતમાં જોઈ પગ તળેથી જમીન સરકી ગઈ હતી. હરીકેતે કોઈ કારણોસર પંખે સફેદ રંગની ચાદર બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને દિકરાને હોસ્પિટલ લઈ જવાયો હતો. પરંતુ તબીબે મૃત જાહેર કર્યો હતો. સે. ૭ પોલીસને ઘટનાની જાણ થતા પીએસઆઈ ગડરીયા ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે હરીકેત છેલ્લા બે મહિનાથી કોઈ કારણોસર હતાશ હતો અને ગુમસુમ રહેતો હતો.

# સેવાભાવી વિભાબેન ઠક્કર સામાજિક સેવા એવોર્ડથી સન્માનિત

## ૧૯૯૭ થી 'મુક્તાગૌરી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિવિધ સેવા પ્રવૃત્તિઓમાં મોખરે : વડીલો માટે વિસામો અને સિવિલ હોસ્પિટલમાં વિના મૂલ્યે ભોજનની વ્યવસ્થા કરી : દિલ્હીમાં પણ અસ્થિ વિસર્જનની પ્રવૃત્તિ હાથ ધરી

ગાંધીનગર, તા. ૧૫



ગાંધીનગરના સેવાભાવી મહિલા અગ્રણી શ્રીમતી વિભાબેન જગદીશચંદ્ર ઠક્કરને સામાજિક સેવા એવોર્ડ દ્વારા નવાજવામાં છે. સામાજિક સેવાક્ષેત્રે ૧૯૯૭થી મુક્તાગૌરી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.

વિભાબેન ઠક્કરે તેમના સાસુ 'મુક્તાબા'ના નામથી ૧૯૯૭ માં 'મુક્તા ચેરિટેબલ ટ્રસ્ટ'ની સ્થાપના કરી હતી અને આ ટ્રસ્ટ દ્વારા તેમણે સેવાકીય પ્રવૃત્તિઓ પ્રારંભ કરી હતી. પોતે બી.એ., બી.એડ્. અને એલ.એલ.બી. જેવી ઉચ્ચ ડિગ્રીઓ ધરાવતા હોવા છતાં સરકારી નોકરી કે આર્થિક પ્રવૃત્તિઓના બદલે સેવાને મિશન બનાવ્યું હતું. વિભાબેને આ ટ્રસ્ટ દ્વારા 'મુક્તાબાનું ઘર'ની સ્થાપના કરી હતી. જેમાં એકલવાયુ જીવન જીવતા વડીલો માટે વિસામો શરૂ કર્યો છે. જેમાં વડીલો માટે વાંચન, વિવિધ નિષ્ણાંતો દ્વારા વક્તવ્ય, ધાર્મિક પ્રવચનો, સ્નેહ-સન્માન અને હૂંફની વ્યવસ્થા આખો દિવસ સવારે ૯ થી સાંજના ૭ સુધી મળી રહે તેવી વ્યવસ્થા કરી છે. વિભાબેને તેમના ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના દર્દીઓ તથા તેમના સ્વજનો માટે વિના મૂલ્યે સવાર-સાંજ ભોજન વ્યવસ્થાનું આયોજન પણ કર્યું છે. આ ઉપરાંત વિભાબેને અનેક વખતે કુદરતી હોનારતો વખતે અસરગ્રસ્ત વિસ્તારો, વાવાઝોડાગ્રસ્ત વિસ્તારોમાં વિનામૂલ્યે ફુડ્સપેકેટ્સનું વિતરણ કર્યું છે.

ગુજરાતના રાજ્યપાલના હસ્તે વિભાબેનને સન્માનવામાં આવ્યા છે. વિભાબેને તેમની સેવાકીય પ્રવૃત્તિઓમાં બિનવારસી મૃતદેહોના અંતિમ સંસ્કાર કરવા જેવી પ્રવૃત્તિઓ પણ કરેલી છે. વિભાબેન લોહાણા મિલન મહિલા મંડળના પ્રમુખપદે રહી ચૂક્યા છે અને તેમને અભિનયનો ખૂબ શોખ છે તેમજ તેઓ શિક્ષણની પ્રવૃત્તિઓમાં ઉંડો રસ ધરાવે છે. વિભાબેનના પતિ જગદીશચંદ્ર ઠક્કર ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જનસંપર્ક અધિકારી તરીકે નિમાયા હોવાથી હાલ તેમુનું નિવાસસ્થાન દિલ્હી બન્યું છે. પરંતુ દિલ્હીમાં પણ વિભાબેનની અંદર રહેલો સેવાભાવી જીવ સેવાકીય પ્રવૃત્તિઓ કર્યા વગર રહી શક્યો નથી અને તેમણે ત્યાં અસ્થિ વિસર્જનની પ્રવૃત્તિ હાથ ધરી છે. આ ઉપરાંત તેમણે એઈમ્સ હોસ્પિટલમાં પણ 'સ્વજન ગૃહ' શરૂ કર્યું છે. વિભાબેન ઠક્કરને તેમની આ અનન્ય સામાજિક સેવા પ્રવૃત્તિઓના કારણે 'સામાજિક સેવા એવોર્ડ' દ્વારા નવાજવામાં આવ્યા છે.

# અખીલ ગુજરાત લોહાણા સમાજની મહિલા શક્તિઓનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

અખીલ ગુજરાત લોહાણા સમાજની મહિલા પાંખ દ્વારા વર્ષ-૨૦૧૩-૧૪ને મહિલા સશક્તિ વર્ષ જાહેર કરવામાં આવ્યુંછે. ત્યારે અખીલ ગુજરાત લોહાણા સમાજના મહિલા શક્તિઓનો સન્માનસમારોહ પૂર્વસાંસદ સભ્ય જયાબેન ઠક્કરના પ્રમુખ પદે યોજવામાં આવ્યો હતો. અમદાવાદના ટાગોર હોલમાં યોજાયેલ સન્માન સમારોહમાં લોહાણા સમાજની મહિલાઓએ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સિદ્ધિ મેળવી છે. તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરની સાત મહિલાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરની સાત મહિલાઓમાં સામાજીક ક્ષેત્રે સેવા આપનાર જશુબેન ઠક્કરને સિદ્ધિ સમર્પણ એવોર્ડ, એક પાત્રિય અભિનયના ઓજસ પાથરનાર કુ. પૂજા ઠક્કર, કુસુમબેન તન્નાને બેટી બચાવોની સેવાકીય પ્રવૃત્તિ એવોર્ડ અને વિભાબેન, શિલ્પાબેન, ભારતીબેન અને સ્નેહાનું સન્માન કરવામાં આવ્યું હતું. સાત મહિલાઓને ગાંધીનગર જિલ્લા મહિલા મડંળ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



મનપા દ્વારા સ્વચ્છ અને હરિયાળા નગરની ઝુંબેશ ઉપાડી છે તે ખરેખર પ્રશંસનીય છે. પણ ઘણું કામ કરવાનું બાકી છે. સેક્ટરોમાં ઠેર-ઠેર કચરા ગંદકીના ઢગ છે તેને હટાવવા જ પડશે. સાથોસાથ પ્રજાજનોએ પણ માનસીકતા બદલવી પડશે. તો જ સારા અને સ્વચ્છ નગરનું નિર્માણ થશે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# કોન્સ્ટેબલ કે.ડી. પંથને ધારાસભ્ય પુનમ મકવાણાએ ધમકી આપી

## કે.ડી. પંથે સે. ૨૧ પોલીસ સ્ટેશન અને ડીજીપીને અરજી આપી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરના સે. ૨૩ ખાતે રહેતા અને રાણીપ પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા કે.ડી. પંથને ધારાસભ્ય પુનમ મકવાણાએ જોઈ લેવાની ટેલીફોનીક ધમકી આપતા પંથે સે. ૨૧ પોલીસ સ્ટેશન અને ડીજીપીને ધારાસભ્ય સામે ફરીયાદની અરજી કરી છે. જો કે હજુ સુધી આ પ્રકરણમાં ગુનો દાખલ થવા પામ્યો નથી.

સેક્ટર-૨૩, છ-ટાઈપ બ્લોક નં. ૪/૫ ખાતે રહેતા કરણસિંહ ડી. પંથ રાણીપ પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટના એક સમયના ડ્રાઈવર કે.ડી. પંથ સંજીવ ભટ્ટ પ્રકરણમાં ખુબ ચર્ચામાં રહ્યા હતા. કે.ડી. પંથે સે. ૨૧ અને ડીજીપી કચેરીએ આપેલી અરજી મુજબ તેમના મિત્ર કમલેશભાઈની દીકરી તેમના દિકરાના પ્રેમમાં છે. બન્ને પુખ્ત વયના છે. પાંચમી જૂને કમલેશભાઈની દીકરી પોલીસ સ્ટેશનમાં ગઈ હતી અને કહ્યું હતું કે મારા પિતા મારા બળજબરીથી બીજે લગ્ન કરાવવા ઈચ્છે છે. હું કે.ડી. પંથના દિકરાને પ્રેમ કરૂ છુ અને તેમના ઘરે રહેવા જવુ છુ. પોલીસે નારી સંરક્ષણ ગૃહમાં દિકરીને મોકલી આપી હતી. પિતા કમલેશભાઈ દિકરીનો કબ્જો મેળવવા કોર્ટમાં ગયા હતા. દિકરી પુખ્ત હોવાથી તેણીએ ક્યાં રહેવું તે યુવતીના નિર્ણય પર આધાર રહે છે તેમ કોર્ટે જણાવ્યું હતું. દરમિયાન કે.ડી. પંથને ધારાસભ્ય પુનમભાઈ મકવાણાનો ફોન આવ્યો હતો કે તુ આ કેશમાંથી હટી જા..! નહીતર તારી સ્થિતિ જોવા જેવી થશે. અગાઉ પણ આવા ઘણા કિસ્સાઓ સોલ્વ કર્યા છે. ધમકી ભર્યા આ ફોનને પગલે કે.ડી. પંથે ધારાસભ્ય સામે સે. ૨૧ પોલીસ સ્ટેશન અને ડીજીપી કચેરીએ અરજી નોંધાવી છે.

# મેડીકલ આયુર્વેદ એસોસિએશન ગુજરાતના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૧૫

તાજેતરમાં મેડીકલ ઓફિસર આયુર્વેદ એસોસિએશન ગુજરાત રાજ્યની વાર્ષિક સામાન્ય સભા મળી હતી. સભામાં એસોસિએશનના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ડૉ. સંજયકુમાર ચાવડા, મહામંત્રી તરીકે ડૉ. વિપુલ વ્યાસ, ઉપપ્રમુખ તરીકે ડૉ. દક્ષેન ત્રિવેદી, ડૉ. પ્રણવ ત્રિવેદી, ખજાનચી તરીકે ડૉ. પ્રણવ દલવાડી, સંગઠન મંત્રી તરીકે ડૉ. અમિત પટેલ, સહમંત્રી તરીકે ડૉ. પિયુષ પટેલ, ડૉ. આમ્રપાલ પટેલ તેમજ સલાહકાર સમિતિની રચના કરવામાં આવી હતી.



વીજ કંપની દ્વારા શહેરમાં લાઈટનાં થાંભલાને રંગરોગાન કરવાનું કામ હાથ ધરાયું છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# જણસારી સમાજ દ્વારા પૂ. જયંતિ ભગતનું સ્વાગત કરાયું

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સમસ્ત જણસારી સમાજ સેવા સંસ્થાન દ્વારા નગરમાં વસતા જ્ઞાતિજનોના સત્સંગ અને સમાગન અર્થે પધારેલા સ્વામિનારાયણ સંપ્રદાયના પૂ. જાગાસ્વામી મંદિર રંઘોળાના મહંત પૂ. જયંતિ ભગતનું સ્વાગત કરાયું હતું. ગાંધીનગર શહેરના જણસારી સમાજના પ્રમુખ ભગવાનભાઈ ગોહિલે પૂ. જયંતિ ભગતનું સ્વાગત કર્યું હતું. તેમજ મહેન્દ્રભાઈ ચૌહાણે ફૂલહાર અર્પણ કર્યા હતા. સર્વે કારોબારી સભ્યોએ ભગતના સત્સંગનો લાભ લીધો હતો. ગાંધીનગરના મુક્તધામમાં પૂ. જાગા બાપાની આરસની પ્રતિમા મુકાય તે માટે ભગતે આશિર્વાદ પાઠવ્યા હતા.

# રાત્રીના સમયે ઓછી અવરજવરવાળી જગ્યાએ બહેનોએ એકલા ન જવુ જોઈએ

## કડી સ્કૂલમાં સુરક્ષા સેતુ કાર્યક્રમમાં પોલીસ અધિકારીઓએ મંતવ્યો સુચવ્યા

ગાંધીનગર, તા. ૧૫

શેઠ સી.એમ. હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલમાં ગાંધીનગર જિલ્લા પોલીસના ઉપક્રમે સુરક્ષા સેતુ જાગૃતિ કાર્યક્રમ બ્રહ્માણીકૃપા હાલમાં યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને ડી.વાય.એસ.પી. જાડેજા દ્વારા પોલીસ અને તેની કામગીરી વિશે માહિતી આપવામાં આવી હતી.

સેક્ટર-૨૩માં આવેલ શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં ચિંતા અને ઉતાવળ કરવી તેમજ વિદ્યાર્થીઓમાં સુરક્ષાસેતુ અંતર્ગત જાગૃતિ ફેલાવવાના હેતુથી જિલ્લા પોલીસ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, ડી.વાય.એસ.પી. જાડેજા, સેક્ટર-૨૧ પી.આઈ. બી.એ. ચાવડા, ટ્રાફિક પી.આઈ. વાય.આર. ગામીત અને મહિલા પી.એસ.આઈ. એસ.આર. ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

આજના સમયમાં વિદ્યાર્થીઓ પોલીસ પ્રત્યે ગેરસમજો રાખતા હોય છે. તેમજ પોલીસની ખાખી વર્ધીથી દૂર જ સારા તેવું માનતા હોય છે. ત્યારે વિદ્યાર્થીઓમાં રહેલી ગેરસમજો દૂર થાય તેવા હેતુથી કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

ડી.વાય.એસ.પી. જાડેજાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ પોલીસ પ્રત્યેનો હાઉ દૂર કરે. અને રાત્રે ટ્યુશનથી ઘરે પરત આવતા હોય તેમજ કોઈ અન્ય પ્રકારની તકલીફ ઉભી થાય ત્યારે તરત જ પોલીસનો સંપર્ક કરવો જોઈએ. પોલીસ હંમેશા તમારી પડખે ઉભી રહેશે. સેક્ટર-૨૧ પી.આઈ. ચાવડાએ વિદ્યાર્થીઓને પોલીસ કામગીરી નિહાળવા આમંત્રણ પાઠવ્યું હતું.

આ પ્રસંગે મહિલા પી.એસ.આઈ. શ્રીમતી ચૌધરીએ વિદ્યાર્થીનીઓને સંબોધીને જણાવ્યું હતુ કે રાત્રીના સમયે ઓછી અવર-જવરવાળી અને અવાવરૂ જગ્યાએ એકલા ન જવુ જોઈએ તેમજ કિંમતી દાગીના ન પહેરવા અને અજાણ્યા વ્યક્તિઓથી સાવચેત રહેવું જોઈએ. બને ત્યા સુધી વાતચીત ન કરવી જોઈએ. ટ્રાફિક પી.આઈ.એ અઢાર વર્ષની નીચેની ઉંમરના બાળકોએ વાહનથી દૂર રહેવું જોઈએ તેમજ ત્રણ સવારી ન કરવી જોઈએ. અકસ્માત નિવારવા વિદ્યાર્થીઓએ પણ ટ્રાફિક પોલીસની સાથે સહભાગી થવું જોઈએ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. ચેતના બૂચ દ્વારા કરવામાં આવ્યું હતું. અરૂણાબેન પટેલ અને નટુભાઈ લાડાણીએ સહયોગ આપ્યો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪
સૂર્યાસ્ત : ૭.૨૬

## તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫
: સ્કીન-૨ :
એક વિલન : ૧૦.૦૦
: સ્કીન-૩ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
સ્કીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
બોલીવુડ વીલા : ૧૨.૩૦
બોબી જાસૂસ : ૪.૦૦, ૧૦.૦૦
દ્રુષ્યમ (તેલુગુ) : ૭.૦૦
: સ્કીન-૫ :
એક વિલન : ૧૨.૧૫, ૩.૩૦
બોબી જાસૂસ : ૬.૩૦
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્કીન-૧ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) : ૧૦.૦૦, ૪.૪૫, ૭.૪૦, ૧૦.૩૫
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૧.૨૫
: સ્કીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૮.૩૦ (સવારે), ૮.૩૦ (સાંજે)
એક વિલન : ૧૧.૩૦, ૫.૪૫
સાથીયો ચલો ખોડલધામ (ગુજ.) ૨.૨૫
: સ્કીન-૩ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
સાથીઓ ચાલો ખોડલ ધામ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્કીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

## આપની આજ

**મેષ** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. મનોકૂળ કાર્ય થવાનો યોગ. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**વૃષભ** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ભવન નિર્માણ સંબંધઈ કાર્યો થશે. વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે.

**સિંહ** : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશે. સંતાનની પ્રગતિ થશે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

**કન્યા** : નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થશે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે.

**તુલા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યોમાં સક્રિય ભાગીદારી રહેશે. નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે.

**વૃશ્ચિક** : સાથી પ્રત્યે નિકટતા અને ભાવુકતા રાખવી. સ્થાયી સંપત્તિની આકાક્ષા પૂર્ણ થવાના યોગ. સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

**ધન** : અટકેલા નાણાં પ્રાપ્ત થશે. ભૂમિક, મકાન વગેરે ખરીદનો યોગ. સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**મકર** : જમીન સંબંધી કાર્ય બનવાનાં યોગ. નવી યોજનાઓ પ્રારંભ થશે. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો. માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે.

**કુંભ** : સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. રાજકીય ક્ષેત્રે પદ-પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

**મીન** : સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. શુભ સંદેશ તમને નવી દિશા આપશે. આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. હરીકેત કંદર્પ પાઠક (ઉ.વ.૨૧) પ્લોટ નં. ૪૨/૧, સેક્ટર-૨-એ, ગાંધીનગર.
- સ્વ. જીવણભાઈ તળજાભાઈ રબારી (ઉ.વ.૭૫) સેક્ટર-૧૪, ગોકુલ પુરા, ગાંધીનગર.